પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૦૯-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહિલા અનામત બિલ મારા જીવનની ભાવુક પળ, સરકાર જણાવે તેને ક્યારે લાગૂ કરવામાં આવશે : સોનિયા ગાંધી

નવીદિલ્હી,

લોકસભામાં નારી શક્તિ વંદન અધિનિયમ બિલ પર કોંગ્રેસ તરફથી ચર્ચાની શરૂઆત સોનિયા ગાંધીએ કરી. મોદી કેબિનેટમાં સોમવારે આ બિલ પર મંજૂરી અપાઈ હતી. તમામ પક્ષોના સ્ટેન્ડના કારણે લગભગ આ બિલના પાસ થવાની શક્યતા વધી ગઈ છે. અત્રે જણાવવાનું કે ૧૯૯૬માં પહેલીવાર આ બિલને સંસદમાં રજૂ કરાયું હતું. જો કે તમામ અડચણો બાદ આ બિલ પાસ થઈ શક્યું નહતું. આ બિલને પાસ થતા પહેલા રાજકીય પક્ષોમાં શ્રેય લેવા માટે જાણે હોડ મચી ગઈ છે.



સોનિયા ગાંધીએ લોકસભામાં કહ્યું કે કોંગ્રેસ મહિલા અનામત બિલનું સમર્થન કરે છે. હું આ બિલના સમર્થનમાં છું. આ મારા જીવનનો માર્મિક સમય છે. પહેલીવાર સ્થાનિક ચૂંટણીઓમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરનારું આ બિલ મારા જીવનસાથી રાજીવ ગાંધી જ લાવ્યા હતા. આજે એનું પરિણામ છે કે દેશભરમાં સ્થાનિક ચૂંટણીઓ દ્વારા આપણી પાસે ૧૫ લાખ ચૂંટાયેલી મહિલાઓ છે. રાજીવ ગાંધીનું સપનું હજુ અડધુ જ પૂરું થયું છે. આ બિલ પાસ થવાની સાથે જ તે પણ પૂરું થશે. કોંગ્રેસ પાર્ટી આ બિલનું સમર્થન કરે છે. અમને આ બિલના પાસ થવાની ખુશી છે પરંતુ એક ચિંતા પણ છે. હું સવાલ પૂછવા માંગુ છું કે છેલ્લા ૧૩ વર્ષથી મહિલાઓ રાજનીતિક જવાબદારીઓનો ઈન્તેજાર કરતી રહી. હજુ પણ તેમને રાહ જોવડાવવામાં આવી રહી છે. ૨ વર્ષ, ૪ વર્ષ, ૬ વર્ષ કેટલા સમયનો ઈન્તેજાર. અમારી માંગણી છે કે આ બિલ તરત પાસ કરાવવામાં આવે. પરંતુ જાતિગત ગણતરી કરાવીને એસસી, એસટી અને ઓબીસી અનામતની વ્યવસ્થા કરાવવામાં આવે.કોંગ્રેસ આ બિલનું સમર્થન કરે છે. પણ કોંગ્રેસ કેટલાક સવાલો પણ પૂછવા માગે છે. હજુ કેટલા વર્ષ મહિલાઓને રાહ જોવી પડશે. સોનિયા ગાંધીએ બિલ પર ચર્ચા દરમિયાન એસસી એસટી અને ઓબીસી વર્ગો માટે પણ અનામતની માગ કરી છે. પોતાના ટુંકા સંબોદનમાં સોનિયા ગાંધીએ કહ્યું કે આ મારા જીવનની માર્મિક ક્ષણ છે.સોનિયા ગાંધીએ બિલ તાત્કાલિક પાસ થવા સહિત જાતિ ગણતરી કરીને એસસી એસટી અને ઓબીસી અનામતની

### આ બિલ રાજીવ ગાંધી લાવ્યા હતા, SC-ST અને OBC વર્ગો માટે પણ અનામતની માગ કરી

વ્યવસ્થા કરવી જોઈએ. બિલને પૂર્ણ કરવા માટે સરકારે જે પણ પગલાં લેવાની જરૂર છે તે લેવા જોઈએ. આ બિલમાં વિલંબ કરવો એ મહિલાઓ સાથે અન્યાય સમાન છે.સોનિયા ગાંધીના સંબોધન પર પ્રતિક્રિયા આપતા બીજેપી સાંસદ નિશિકાંત દુબએ પુછ્યું કે કોંગ્રેસે પોતાના કાર્યકાળમાં મહિલાઓને આરક્ષણ કેમ આપ્યું નહીં અને પોતાના બિલમાં એસસી એસટી અને ઓબીસી અનામતની વ્યવસ્થા કેમ કરી નહીં.

મહિલા આરક્ષણ બિલના મુદ્દે સપાના નેતા ડિમ્પલ યાદવે કહ્યું કે એસસી એસટી ઓબીસી અને લઘુમતી મહિલાઓને પણ મહિલા અનામત બિલમાં અનામત મળવી જોઈએ. તેમણે કહ્યું કે એસપી હંમેશા માંગ કરે છે કે એસસી, એસટી, ઓબીસી અને લઘુમતીઓને પણ તેમાં સામેલ કરવામાં આવે. ભાજપ સરકારને એક દાયકો પૂરો થવાનો છે ત્યારે હવે સરકારને મહિલાઓની યાદ આવી ગઈ છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તેનો અમલ થશે કે કેમ તે પ્રશ્ન છે. સરકાર વસ્તી ગણતરી ક્યારે કરશે? પીએમ પોતે લઘુમતી મહિલાઓ માટે ટ્રિપલ તલાક કાયદા વિશે વાત કરે છે, તેથી મને આશા છે કે મુસ્લિમ મહિલાઓને પણ તેમાં સામેલ કરવામાં આવશે.

જેડીયુના નેતા લાલન સિંહે કહ્યું કે તેમની પાર્ટી બિલનું સમર્થન કરે છે પરંતુ સરકારને માત્ર ખુરશીની ચિંતા છે. ભાજપ સત્તાની પૂજા કરે છે મહિલાઓની નહીં.ચિરાગ પાસવાને કહ્યું કે અમે મહિલા અનામત બિલમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ પછાત વર્ગોની મહિલાઓ માટે અલગ અનામત ક્વોટા હોવો જોઈએ તેવી માંગને સમર્થન આપીએ છીએ. પરંતુ આના આધારે બિલને ફરીથી ટાળવું યોગ્ય રહેશે નહીં.

ટીએમસીના નેતા કાકોલી ઘોષ દસ્તીદારે કહ્યું કે ભાજપ ૧૬ રાજ્યોમાં સત્તામાં હોવા છતાં, ત્યાં કોઈ મહિલા મુખ્યમંત્રી નથી; બંગાળ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં મહિલા મુખ્યમંત્રી છે. તેમણે રાજકારણમાં મહિલાઓના પ્રતિનિધિત્વનું નેતૃત્વ કરવા બદલ બંગાળ અને મમતા બેનર્જીની પણ પ્રશંસા કરી હતી.કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ચર્ચા શરૂ કરી છે. તેમણે કહ્યું કે આ બિલ મહત્વપૂર્ણ છે. આ બિલ મહિલાઓના ઉત્થાન માટે લાવવામાં આવ્યું છે.

જણાવી દઈએ કે આ બિલમાં મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં ૩૩ ટકા અનામત આપવાની જોગવાઈ છે. મહિલા અનામત બિલ પર ફરી એકવાર સરકાર અને વિપક્ષ વચ્ચે જોરદાર દલીલબાજી જોવા મળી રહી છે. મહિલા અનામત બિલનો શ્રેય લેવા માટે પક્ષ-વિપક્ષ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે.

### આધાર કાર્ડ પર ગુજરાત સરકારનો નિર્ણય

## હવેથી મકાનના દસ્તાવેજ માટે પુરાવા તરીકે આધાર કાર્ડના છેલ્લા ચાર આંકડા જ આપવાના રહેશે

ગાંધીનગર,

રાજ્ય સરકારે મકાનના દસ્તાવેજના નોંધણી મુદ્દે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી આધાર કાર્ડ દસ્તાવેજનો ભાગ નહીં બની શકે. દસ્તાવેજ સાથે આધાર કાર્ડ જોડવાને કારણે આધારકાર્ડના દુરુપયોગને અટકાવવા આ નિર્ણય લેવાયો છે. હવેથી મકાનના દસ્તાવેજ માટે પુરાવા તરીકે આધાર કાર્ડના છેલ્લા ચાર આંકડા જ આપવાના રહેશે. દસ્તાવેજ સમયે ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ રજૂ કરવાનું રહેશે. જોકે દસ્તાવેજ સમયે કોઈપણ પક્ષક કાર્ય આધાર કાર્ડનો ઉલ્લેખ કરવાનો જરૂરી નથી. જો જરૂર પડે તો આધારકાર્ડના છેલ્લા ચાર ડિજિટ જ લખવાના રહેશે. આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ-એઈપીએસના દૂરઉપયોગથી જાહેર જનતાના નાણાના રક્ષણ હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં



નોંધણી માટે રજૂ થતાં દસ્તાવેજમાં પક્ષકારોના (દસ્તાવેજ લખી આપનાર, લેનાર તથા ઓળખાણ આપનાર) આધાર નંબરનો ઉલ્લેખ ન કરવા જરૂરી સૂચના પ્રસિદ્ધ કરવામાં આવી હતી તેમ, નોંધણી સર નિરીક્ષકશ્રી અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

નોંધણી સર નિરીક્ષકે આ સંદર્ભે જાહેર જનતાને જણાવ્યું છે, કે દસ્તાવેજ નોંધણી વખતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજૂ કરવામાં આવે તે દસ્તાવેજમાં કોઈપણ પક્ષકારના આધાર નંબરનો ઉલ્લેખ કરવો નહીં અને જો ઉલ્લેખ કરવો જરૂરી જણાય તો આધાર નંબરના માત્ર છેલ્લા ૪ અંકનો જ ઉલ્લેખ કરવો તથા પ્રથમ આઠ અંકોને બદલે ★★★★ ની નિશાની દર્શાવવાની રહેશે. તેમણે કહ્યું હતું કે, દસ્તાવેજના પક્ષકારો દસ્તાવેજ કરી આપનાર, દસ્તાવેજ કરી લેનાર અને ઓળખ આપનારના ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં પહેલાંની જેમ જ રજૂ કરવાની રહેશે. જ્યારે ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરવામાં આવે ત્યારે તેને દસ્તાવેજની સાથે જોડીને તેનો ભાગ બનાવવાને બદલે કચેરીના રેકર્ડ ઉપર જ તેની જાળવણી કરવાની રહેશે. આમ,આધાર કાર્ડને ઓળખના પુરાવા તરીકે રજૂ કરવાની મનાઈ કરવામાં આવી નથી, પરંતુ જાહેર રેકર્ડનો ભાગ ન બને તે હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયેલ દસ્તાવેજનો ભાગ ન બનાવવાની સૂચના સંબંધિતોને આપવામાં આવી છે તેમ, તેમણે વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું.

## ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવને લઈને વિદેશ મંત્રી વડાપ્રધાનને મળ્યા

નવીદિલ્હી,

વિદેશ મંત્રી એસ જયશંકરે નવા સંસદ ભવનમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બેઠક દરમિયાન બંને વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી કેનેડા સાથે ચાલી રહેલા તણાવને લઈને ચર્ચા થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠક દરમિયાન પીએમ મોદી અને વિદેશ મંત્રી વચ્ચે ભારતના આગામી પગલાને લઈને પણ ચર્ચા થઈ હતી. જો કે કેનેડા સાથે ચાલી રહેલા તણાવને લઈને બંને નેતાઓ વચ્ચે શું થયું તે અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.



કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ સોમવારે હાઉસ ઓફ કોમન્સને જણાવ્યું હતું કે તેમની સરકાર પર જૂનમાં કેનેડાની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે ભારત સરકારના એજન્ટોને જોડતા "વિશ્વસનીય આરોપો" છે. ચાલો ઉમેરીએ. ટ્રૂડોના આ નિવેદન સામે ભારતે સખત વાંધો ઉઠાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ તાજેતરમાં જ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને ભારત પર ગંભીર આરોપ લગાવ્યા બાદ બંને દેશોની સરકારો વચ્ચેની કડવાશ વધી ગઈ છે. જોકે, ભારત સરકારે ટ્રૂડોના આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા હતા. કેનેડાના આ આરોપો બાદ ભારતે કેનેડાના વરિષ્ઠ રાજદ્વારીને ૫ દિવસમાં દેશ છોડવાનો આદેશ પણ જારી કર્યો છે. તે જ સમયે, હવે કેનેડાએ તેના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ભારત જતા પહેલા ચોક્કસથી વિચારવું જોઈએ.

કેનેડા સરકારે એક ટ્રાવેલ એડવાઈઝરીમાં તેના નાગરિકોને અભૂતપૂર્વ સુરક્ષા પરિસ્થિતિને કારણે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં મુસાફરી કરવાનું ટાળવા કહ્યું હતું. આતંકવાદ, ઉગ્રવાદ, નાગરિક અશાંતિ અને અપહરણનું જોખમ છે." કેનેડાની સરકારે તેની મુસાફરી સલાહકારમાં ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખની મુસાફરીનો સમાવેશ કર્યો નથી.

તમને જણાવી દઈએ કે સમગ્ર વિશ્વમાં ભારત પછી સૌથી વધુ શીખો કેનેડામાં રહે છે. કેનેડાની કુલ વસ્તી અંદાજે ૩ કરોડ ૮૨ લાખ છે. તેમાંથી ૨.૬% એટલે કે ૯ લાખ ૪૨ હજાર ૧૭૦ પંજાબી છે. પંજાબના લોકો માત્ર કેનેડામાં જ કામ કરતા નથી, પરંતુ ત્યાંની સરકારમાં પણ તેમનો ઘણો પ્રભાવ છે. વેપાર અને ખેતી ક્ષેત્રે પણ તેમનો દરજ્જો છે.

## ભારતનો વિકાસ દર ૨૦૨૪માં ૬ ટકા રહેવાની સંભાવના

નવીદિલ્હી,

વૈશ્વિક અર્થવ્યવસ્થામાં સતત ઘટાના સંકેત દેખાઈ રહ્યા છે ત્યારે ભારતની જીડીપી સૌથી ઝડપી વધી રહી છે. વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪માં પણ ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે. આ સમયગાળામાં છુટક ફુગાવો પણ જી-૨૦ દેશો કરતા ઓછો રહેશે અને ખાસ વાત એ છે કે તે આરબીઆઈના ૬ ટકાની સંતોષકારક રેન્જમાં રહેશે.

ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઓઈસીડી) દ્વારા ગઈકાલે જાહેર કરાયેલા રિપોર્ટ અનુસાર ૨૦૨૩માં ભારતનો વિકાસ દર ૬.૩ ટકા અને વર્ષ ૨૦૨૪માં ૬ ટકા રહેવાની સંભાવના છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આ સૌથી વધુ છે. આ સમયગાળા દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થાની વૃદ્ધિ દર ક્રમશ ૩ ટકા અને ૨.૭ ટકા રહેવાની શક્યતા છે.જી-૨૦માં સામેલ વિકસિત દેશોની અર્થવ્યવસ્થાનો વિકાસ ૨૦૨૩માં ૧.૫ ટકા અને વર્ષ ૨૦૨૪માં ૧.૨ ટકા રહેવાની સંભાવના છે.

ઓઈસીડીના જણાવ્યા અનુસાર વિશ્વમાં આર્થિક તણાવ અને સંરક્ષણવાદના વધુ દેખાત સંકેતો હોવા છતાં જ્યા સુધી ફુગાવો અંકુશમાં ન આવે ત્યા સુધી કેન્દ્રિય બેંકોએ વ્યાજ દરો વર્તમાન સ્તર કરતા ઊંચા રાખવા જોઈએ. સંસ્થાના મુખ્ય આર્થશાસ્ત્રી ક્લેર લોમ્બાર્ડેલીએ કહ્યું હતું કે નાણાકિય નીતિને સરળ બનાવવા પર વિચાર કરતા પહેલા ફુગાવાને હરાવવામાં સતત પ્રગતિ જોવી જરુરી છે. રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં ભારતમાં છુટક ફુગાવો ૫.૩ ટકા રહી શકે છે જે વર્ષ ૨૦૨૪માં ઘટીને ૪.૮ ટકા થઈ જશે. આ સમયગાળા દરમિયાન જી-૨૦ દેશોમાં ક્રમશ ૬ ટકા અને ૪.૮ ટકા રહેવાની શક્યતા છે.

## કાશ્મીરમાં પહેલીવાર ગણેશ ચતુર્થીની ઉજવણી, ઝેલમમાં કરાયું મૂર્તિ વિસર્જન

શ્રીનગર,

કાશ્મીરમાં ગણેશ ચતુર્થીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આતંકવાદ ફેલાયા બાદ પ્રથમ વખત અહીં ઝેલમ નદીમાં ગણેશ ભગવાનની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શહેરના હબ્બા કદલ વિસ્તારમાં આવેલા ગણપતિયાર મંદિરમાં સૌથી મોટા ઉત્સવ અને પૂજાનું આયોજન થયું હતું.



કાશ્મીરી પંડિત નેતા સંજય ટીકકૂએ જણાવ્યું હતું કે, 'ગણેશ ભગવાનન જન્મદિવસ પર મંદિરમાં હવાનની સાથે વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જેવી રીતે મહારાષ્ટ્ર અને દેશના અન્ય ભાગોમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવે છે તેવી રીતે જ આજે કાશ્મીરમાં પણ વિનાયક ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના દિવેસ સિદ્ધિવિનાયક મંદિરમાં અમે એક યજ્ઞ કરીએ છીએ જે લગભગ ૧૨થી ૧૪ કલાક સુધી ચાલે છે.

સ્થાનિક સમુદાયે જણાવ્યું હતું કે ગણેશ ભગવાનની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનું આજે સાંજે ગણપતિયારમાં ઝેલમ નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૮૯માં આતંકવાદ ફેલાયા બાદ આવું પહેલીવાર કરવામાં આવ્યું હતું. મૂર્તિને વિસર્જિત કરવા માટે ધામધૂમથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે, અમદાવાદ તથા છોટા ઉદેપુરની મુલાકાત લેશે

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ તેઓ આ પ્રવાસ દરમિયાન અમદાવાદ તથા છોટા ઉદેપુરની મુલાકાત લેશે. અમદાવાદ સાબરમતી આશ્રમ તેમજ છોટા ઉદેપુરના બોડેલી ખાતે રાજ્ય કક્ષાના શિક્ષણના કાર્યક્રમમાં હાજરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવશે. ૨ ઓક્ટોબરે ગાંધી જયંતી હોવાના પગલે તેઓ અમદાવાદમાં સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. તેમજ આશ્રમમાં આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમાને ફુલ ચઢાવી તેમને નમન કરશે. આ સાથે જ અમદાવાદમાં એક રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ત્યારે માનવામાં આવી રહ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેની સમીક્ષા કરી શકે છે. બીજા જો કાર્યક્રમની વાત કરવામાં આવે તો એક શિક્ષણનો રાજ્ય કક્ષાનો કાર્યક્રમ જો છોટા



ઉદેપુરના બોડેલીમાં યોજાવાનો છે. જેમાં તેઓ હાજરી આપવાના છે. બોડેલીમાં આ કાર્યક્રમ દરમિયાન જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ હજાર કરોડના શિક્ષણ કાર્યોનું લોકાર્પણ કરવાના છે. ૫ હજાર કરોડના આ શિક્ષણ કાર્યોમાં ગુજરાતમાં બનેલા નવા શાળા સંકુલ, ઓરડા,લેબોરેટરી તેમજ સ્માર્ટ ક્લાસનું તેઓ લોકાર્પણ કરવાના છે. મહત્વપૂર્ણ બાબત એ પણ છે કે આ શિક્ષણનો કાર્યક્રમ અન્ય કોઈ જિલ્લામાં પણ થઈ શકતો હતો. જો કે છોટા ઉદેપુર એક આદિવાસી વિસ્તાર છે અને રાજકીય રીતે આદિવાસી વિસ્તારનું ખૂબ મહત્વ રહેલુ છે. આ સાથે અનેક અન્ય મુદ્દાઓને લઈને છોટા ઉદેપુરમાં આ કાર્યક્રમ યોજાવાનો છે.

## હવે ચીન ગયા વિના ભારતીયો કૈલાસ પર્વતનાં દર્શન કરી શકશે

નૈનિતાલસ,

ભારતીયો હવે ચીન ગયા વિના ભારતીય ક્ષેત્રમાંથી જ પવિત્ર કૈલાસ પર્વતનાં દર્શન કરી શકશે.તેના માટે ઉતરાખંડનાં પિથોરાગઢમાંથી શોધવામાં આવેલ વ્યુ પોઈન્ટને તૈયાર કરવામાં આવી રહ્યો છે. સુત્રો મુજબ તેનો આરંભ વડાપ્રધાન મોદી ૧૧-૧૨ ઓક્ટોબરે પિથોરાગઢનાં પ્રવાસ દરમ્યાન કરશે.

૨૦૧૮ માં શોધાયુ હતું કૈલાસ પર્વતનું વ્યુ પોઈન્ટઃ હિન્દુ ધર્મમાં કૈલાસ પર્વતને ભગવાન શિવનું ઘર માનવામાં આવે છે. દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીય તીર્થયાત્રી કૈલાસ માન સરોવરનાં દર્શને જતા હતા તેના માટે એક રસ્તો ઉતરાખંડનાં પિથોરાગઢથી થઈને જતો હતો પણ ડોકલામમાં ભારત-ચીન વચ્ચે થયેલા સીમા વિવાદ બાદ આ યાત્રા પુરેપુરી બંધ છે. ભારતીય સીમામાં ૨૦૧૮ માં શોધવામાં આવેલ કૈલાસ પર્વત સ્પષ્ટ નજરે પડે છે. એવામાં સરકારની કોશીશ છે કે શ્રધ્ધાળુઓને આ વ્યુ પોઈન્ટ સુધીની યાત્રા કરાવવામાં આવે.

કૈલાસ વ્યુ પોઈન્ટ સુધી પહોંચવા માટે ઓલ્ડ લિપુલેખ માર્ગ પસાર કરવો પડે છે. તે ચીન સીમાથી નજીક ચાર કિલોમીટર પહેલા આવે છે.સીમાથી કૈલાસ પર્વત અને માન સરોવર લગભગ ૬૦ કિલોમીટર દુર છે. જયાં સુધી પહોંચવા માટે ચીન દ્વારા યાત્રીઓને વાહન ઉપલબ્ધ કરાવવામાં આવતા હતા.

## ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનમાં સ્ટાફની તીવ્ર અછત છે, ૧૨૯માંથી ૯૨ જગ્યાઓ ખાલી

નવીદિલ્હી,

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)માં સ્ટાફની તીવ્ર અછત છે. ઓપરેશન વિભાગમાં સહાયક નિયામકની ૧૨૯ જગ્યાઓ છે, જેમાંથી ૯૨ એટલે કે ૭૨ ટકા જગ્યાઓ ખાલી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એક સૂત્રેઆ માહિતી આપી છે.

જેના કારણે પ્રશિક્ષિત પાયલટના લાઈસન્સ પર અસર પડી રહી છે. તેમને ૧-૨ મહિનાના વિલંબ સાથે લાઈસન્સ આપવામાં આવી રહ્યા છે. વધુમાં, એર ટ્રાફિક કંટ્રોલર લાઈસન્સિંગ અને એરોડ્રોમ લાઈસન્સિંગ પ્રક્રિયા પણ ઘણી ધીમી થઈ ગઈ છે.

કોમર્શિયલ પ્લેન ઉડવા માટે કોમર્શિયલ પાઈલટ લાયસન્સ જરૂરી છે. પરંતુ સ્ટાફની અછતને કારણે નવા પાયલોટ લાયસન્સ ઝડપથી આપવામાં આવતા નથી. સૂત્રના જણાવ્યા અનુસાર આગામી મહિનાઓમાં લાઈસન્સ આપવામાં વધુ સમય લાગી શકે છે.

સૂત્રએ જણાવ્યું હતું કે જુલાઈ ૨૦૨૨ સુધીમાં, ડીજીસીએ પાસે સહાયક નિયામકની માત્ર ૭૨ જગ્યાઓ હતી, જેમાંથી ૩૫ જગ્યાઓ નિવૃત્તિ અને પ્રમોશનને કારણે ખાલી પડી હતી. ઓગસ્ટ ૨૦૨૨માં, મંત્રાલયે પોસ્ટ્સની સંખ્યા ૭૨થી વધારીને ૧૨૯ કરી. જો કે ડીજીસીએ જૂની ખાલી જગ્યાઓ અને ૫૭ નવી જગ્યાઓ ભરવા માટે હજુ સુધી કોઈ પ્રક્રિયા શરૂ કરી નથી.

આ મુદ્દે ડીજીસીએના ડાયરેક્ટર વિક્રમ દેવ દત્ત સાથે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે આ અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી. જોકે, ડીજીસીએના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સંસ્થામાં નિમણૂકની પ્રક્રિયા ખૂબ જ મુશ્કેલ છે અને તેમાં ઘણો સમય લાગે છે. જેના કારણે જરૂરી જગ્યાઓ ભરવામાં વિલંબ થઈ રહ્યો છે.

ડીજીસીએ ભારત સરકાર હેઠળની ટ્રાફિક નિયમનકારી સંસ્થા છે, જે ભારતમાં નાગરિક ઉડ્ડયનની સલામતી, પ્રમાણપત્ર અને દેખરેખનું સંચાલન કરે છે. ડીજીસીએ એરક્રાફ્ટના સંચાલન અને ઉત્પાદન માટે પરવાનગીના પ્રમાણપત્રની પ્રક્રિયાનું પણ સંચાલન કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે એરક્રાફ્ટ, એરસ્ટ્રીપ્સ અને એરપોર્ટનું નિર્માણ અને સંચાલન ધોરણો અને સલામતીના નિયમો અનુસાર કરવામાં આવે છે.

આ ઉપરાંત,ડીજીસીએ એરક્રાફ્ટ ઓપરેટરો અને મુસાફરોની સુરક્ષા માટે એરક્રાફ્ટ સલામતી ધોરણો અને માર્ગદર્શિકા બનાવે છે. તે એરક્રાફ્ટ ઓપરેટરો અને એરપોર્ટ માટે બનાવેલા નિયમોનું પાલન પણ સુનિશ્ચિત કરે છે. જો કોઈ ઉલ્લંઘન હશે તો તેની સામે કાર્યવાહી થઈ શકે છે.

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
બારીઆ નરસીંગભાઈ
વાલાભાઈ
તરફથી અભિનંદન....
મુ. કાંટુ,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પરમાર નિલેશભાઈ
મકનભાઈ
તરફથી અભિનંદન....
મુ. ભાણપુર,
તા. ધાનપુર,
જી. દાહોદ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ૧ લાખથી વધુ બાલશક્તિ, ૬૭ હજારથી વધુ પૂર્ણાશક્તિ તેમજ ૨૮ હજારથી વધુ માતૃશક્તિના પેકેટના વિતરણ દ્વારા બાળકો કિશોરીઓ તેમજ માતાઓને મળી રહ્યો છે પૌષ્ટિક આહાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જીલ્લામાં આંગણવાડી કાર્યકર્તા બહેનો લઇ રહ્યાં છે. પોષણ શપથ પોષણયુક્ત આહારનાં મહત્વ અંગે માર્ગદર્શક સેમિનાર દ્વારા મેળવી રહ્યાં છે, જાણકારી સહી પોષણ, દેશ રોશનનાં સૂત્ર સાથે સમગ્ર દેશ અને રાજ્યનાં બાળકોને સુપોષિત કરવા માટે અને ભારતનાં ભવિષ્યને ઉજ્જ્વળ અને સ્વસ્થ બનાવવા માટે અભૂતપૂર્વ પોષણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દેશની પ્રગતિ માટે પોષણ ખૂબ જરૂરી બાબત છે, જો દેશનાં તમામ નાગરિકો સુપોષિત હશે તો વિકાસની ગતિ વધુ ઝડપી બનશે.

આ અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર માસ દરમિયાન બાળકો, કિશોરો, સગર્ભા તેમજ ધાત્રી માતાઓના સ્વાસ્થ્યને સુપોષિત કરવા તેમજ ખાસ કરીને કુપોષણ નાબૂદ કરવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે, સાથોસાથ પોષણયુક્ત આહાર બાબતે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. આ અભિયાનમાં વિશેષ રીતે પૌષ્ટિક આહાર, એનેમિયા નિયંત્રણ, સ્વચ્છતા, ઝાડા નિયંત્રણ ,બાળકનાં જીવનના સંભાળ સહિતનાં મુદ્દાઓને સાંકળી લેવામાં આવ્યાં છે. આ અભિયાનમાં આશાવર્કર બહેનો તથા આંગણવાડી બહેનોની ભૂમિકા સવિશેષ છે.પોષણયુક્ત ગુજરાતનું સ્વપન સાકાર કરવા ૬ માસથી ૩ વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રીમાતાઓને પૌષ્ટિક આહાર આપવામાં આવી રહ્યો છે. જે અન્વયે માતાઓ દર ચોથા મંગળવારે આંગણવાડી કેન્દ્રો ખાતેથી પોષણયુક્ત કીટ મેળવી પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખી રહી છે. રાજ્યસ્તરેથી આ તમામ વયજૂથનાં લોકોનાં પોષણનું ડિજીટલ રીતે નિરિક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે.

દાહોદ જીલ્લાની વાત કરીએ જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના જણાવ્યા અનુસાર જીલ્લામાં ૧ લાખથી વધુ બાલશક્તિ, ૬૭ હજારથી વધુ પૂર્ણાશક્તિ તેમજ ૨૮ હજારથી વધુ માતૃશક્તિના પેકેટનું વિતરણ કરવામા આવી રહ્યું છે. જીલ્લામાં ૧૯ હજારથી વધુ સગર્ભા માતાઓ વધુ ધાત્રી માતાઓ માતૃશક્તિ થકી પોષણયુક્ત આહાર લઈ રહ્યાં છે.

આ અભિયાન અન્વયે દાહોદ જીલ્લામાં પોષણ માસ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. આ માસ દરમિયાન મહિલાઓ તેમજ બાળકોનાં પોષણ બાબતે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ત્યારે દાહોદ જીલ્લાનાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રોગ્રામ ઓફિસર તેમજ સી.ડી.પી.ઓની ઉપસ્થિતિમાં આંગણવાડી કાર્યકર્તા બહેનોને પોષણ શપથ લેવડાવવામાં આવ્યાં હતાં. સાથોસાથ ઉપસ્થિત કાર્યકર્તા બહેનોને પોષણયુક્ત આહાર અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતુ.

# દાહોદ પોલીસમા જુદા-જુદા સ્થળે ફરજ કાળ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પોલીસ કર્મીઓને પોલીસ અધિક્ષકના હસ્તે સમ્માનિત કરાયા



દાહોદ, ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી બાદ દાહોદ જીલ્લામાં બે દિવસ અગાઉ પંથકવાસીઓ માટે આપત સ્વરૂપે આવેલા ભારે વરસાદથી નદી નાળાઓ છલકાયા હતા. તો બીજી તરફ જીલ્લાના તમામ ડેમો ઓવર ફ્લો થતા જીવના જોખમે કોઈ પણ વાહન ચાલક કે રાહદારી રસ્તો પસાર ન કરે તે માટે જીલ્લાના તમામ નદી નાળાઓ તેમજ ડેમ ઉપર પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા દ્વારા બંદોબસ્ત મૂકી દેવામાં આવ્યો હતો જેમાં કેટલાક નાગરિકોના જીવ બચાવવામાં પોલીસે સફળતા સાંપડી હતી અને પોલીસ પ્રજાનો રક્ષક છે તે ઉકતીને સાચા અર્થમાં સાર્થક કરી હતી. જેને અનુલક્ષીને પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની ઉમદા કામગીરીને બિરદાવવા તેમજ તેમના થકી પ્રેરણા લઇ અન્ય પોલીસ કર્મીઓ પણ ઉત્કૃષ્ટ કામગીરી કરે તે હેતુથી આજરોજ પોલીસ હેડકવાટર ખાતે જીલ્લા પોલીસવડા ડો રાજદીપસિંહ ઝાલા દ્વારા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રશસ્તિ પત્રની સાથે એવોર્ડ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. જે બાદ કતવારા, રૂરલ, દેવગઢ બારીયા જેવા પોલીસ મથકોના પોલીસ સબ ઈન્સ્પેકટરોને પણ વિદેશી દારૂના ગુનાઓ અને કવાલિટી કેસ કરવા માટે તેમને પણ પ્રસંશા પત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. તેમજ LCB પોલીસ મથકના પોલીસ કર્મચારીઓને છેલ્લા કેટલાય વર્ષોથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા બદલ તેમને પણ પ્રસંશતી પત્રની સાથે એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. તેમજ વર્ષોથી સાયબર કાઇમના પડતર ગુનાઓનો ભેદ ઉકેલી કાઢી દિલ્હી રાજસ્થાન જેવા રાજ્યોમાંથી આરોપીઓને ઝડપી પાડવા બદલ સાઈબર કાઇમના પોલીસ સબ ઈન્સ્પેકટર ભરત પરમારને પણ પ્રશસ્તી પત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા અને બાળ તસ્કરી ગેંગને ઝડપી પાડવા બદલ બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ અયુબ હઠીલાને પ્રસસ્તી પત્ર અને એવોર્ડ આપવામાં આવ્યો હતો. તો LCB પોલીસ મથકના ટેક્નિકલ પોલીસ કર્મચારીને પણ શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રસંશા પત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા ત્યારે ડીજી દ્વારા LCB પોલીસ ઈન્સ્પેકટર કે.ડી.ડીંડોરને પણ વર્ષોથી નાસતા ફરતા ૧૫ ઈનામી આરોપીઓને ઝડપી પાડવા બદલ ડીજી દ્વારા તેમને પણ પ્રસંશા પત્ર અને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા આમ આજે પોલીસ હેડક્વાટર ખાતે યોજાયેલી પોલીસ કાઈમ કોન્ફ્રન્સમાં જીલ્લા પોલીસવડા ડો.રાજદીપસિંહ ઝાલાની ઉપસ્તિથીમાં જીલ્લામાં પ્રજાનો રક્ષક બનીને કામગીરી બજાવનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રસંશતી પત્રની સાથે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# દાહોદના મુસ્લિમ સમાજનો ઐતિહાસિક નિર્ણય : ગણેશ વિસર્જનના બીજા દિવસે ઈદ-એ-મિલાદનું જુલુસ નીકળશે

દાહોદ, દાહોદ જીલ્લામાં આગામી ૨૮મી સપ્ટેમ્બરના રોજ ગણેશ વિસર્જન અને મુસ્લિમ સમાજનો ઈદે મિલાદ બંને સાથે આવતા હોઈ વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર પણ એક તબક્કે વિચાર વિમર્શમાં મુકાઈ ગયો હતો. કારણકે દાહોદના ઈતિહાસમાં વર્ષોથી ગણેશ વિસર્જનના દિવસે નીકળતી શ્રીજીની સવારીઓમાં હેકડેઠેઠ માનવ મહેરામણ ઉમટતો હોય છે. જેના પગલે સમગ્ર પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર શ્રીજીની વિસર્જન માટે નિર્ધારિત કરેલા રૂટ ઉપર પોલીસ બંદોબસ્ત તેમજ અન્ય વ્યવસ્થાઓમાં છેલ્લા કેટલાય દિવસથી તૈયારીઓ કરતા હોય છે, તેવી જ રીતે ઈદે મિલાદનો જુલુસ પણ દાહોદ જીલ્લામાં ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. અને ઈદે મિલાદના જુલુસમાં પણ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. જોકે આ બંને ઉજવણી એક સાથે આવી જતા વહીવટી તંત્ર પણ વિચાર કરતું થઈ ગયું હતું પરંતુ મુસ્લિમ સમાજે દાહોદમાં બંને તહેવાર સોહાદ પણ માહોલમાં ધામધૂમથી ઉજવાય તે માટે ઈદે મિલાદનું જુલુસ શ્રીજીના વિસર્જનના બીજા દિવસે કાઢવાનો ઐતિહાસિક નિર્ણય લેતા આ નિર્ણયને દાહોદમાં વસ્તી તમામ કોમ્યુનિટી, વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા આનંદની લાગણી સાથે બિરદાવ્યો હતો.

સુલેહ શાંતિ અને ભાઈચારા માટે જાણીતા દાહોદમાં કોમી એખલાશ જળવાઈ રહે તથા કોઈ ત્રાહિત પક્ષ દ્વારા શાંતિ ડહોળવાનો પ્રયાસ ન કરાય તે માટે મુસ્લિમ સમાજ દ્વારા અભુતપૂર્વ ઐતિહાસિક નિર્ણય લેવાતા સમગ્ર પંથકમાં આનંદની લાગણી સાથે આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. જોકે મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદનું જુલુસ ગણેશ વિસર્જનના બીજા દિવસે રાજમાર્ગો ઉપર નીકાળવાનો નિર્ણય લેતા તથા ગણેશ વિસર્જનના દિવસે મુસ્લિમ વિસ્તાર માંથી પસાર થતી શ્રીજીની સવારીઓને આવકારવાની જાહેરાત કરતા તંત્ર પણ રાહતની લાગણી વ્યક્ત કરી દાહોદમાં તમામ કોમની ભાવનાઓને બિરદાવી રહી છે.આમ તો સામાન્ય રીતે તૃષ્ટિકરણની રાજનીતિ સાથે રાજકીય પક્ષો પોતપોતાની રોટલી શકતા હોય છે અને હવે પ્રજા જાગૃત થઈ છે, તેને જાતિવાદ કે ધર્મવાદની વિવાદ પસંદ નથી અને સામાન્ય પ્રજા ભાઈચારો જ ઈચ્છે છે. તે દાહોદના બંને સમુદાયની સમજણએ પ્રતિત કરાવ્યું છે. ત્યારે શ્રીગણેશ વિસર્જન અને ઈદે મિલાદ એક જ દિવસે આવતા હોઈ કોઈપણ પ્રકારે કોઈપણ વ્યકિત કે કોમને અગવડ ન પડે તથા કોઈ અન્ય આ સ્થિતિ પરિસ્થિતિનો લાભ ન લે તે માટે મુસ્લિમ સમુદાય દ્વારા સમજણ સાથે ઐતિહાસિક નિર્ણય લેતા મુસ્લિમ સમાજ દ્વારા લેવાયેલા આ નિર્ણયને ઠેર-ઠેરથી આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. જેના પગલે વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર પણ મુસ્લિમ સમાજના આ ઐતિહાસિક નિર્ણયને આવકારની સાથે બિરદાવી લીધો છે.

# ફતેપુરા થી જય અંબે પગપાળા સંઘના ૫૦ જેટલા શ્રદ્ધાળુઓ ફતેપુરા થી અંબાજી જવા રવાના



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા, માં અંબાનું પવિત્ર સ્થાન એટલે અંબાજી.ભાદરવી પૂનમનો મેળો એટલેમાં અંબાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ લેવાનો લહાવો. ભકતો રાત દિવસ ઠંડી, ગરમી, વરસાદની પરવા કર્યા વિનામાં અંબાના ચરણોમાં પગપાળા ચાલીને પોતાની માનતા, મનોકામના લઈ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળાને ગણતરીના દિવસો બાકી છે. આ મેળામાં લાખો પદયાત્રીઓ અનેક ધજા-પતાકાઓ લઈને અંબાજી પગપાળા જતા હોય છે. ત્યારે જય અંબે પગપાળા સંઘ ફતેપુરા નાઓ ફતેપુરા થી અંબાજી પગપાળા જવા માટે રવાના થયા છે. આ સંઘમાં ૪૦ થી ૫૦ ભકતો અંબાજી પગપાળા જવા માટે પ્રસ્થાન કર્યું છે.

ફતેપુરા નગરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા કાઢી આ સંઘ અંબાજી જવા માટે રવાના થયો છે. ફતેપુરા જય અંબે પગપાળા સંઘના સ્વયં સેવક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ સંઘ ૨૭ સપ્ટે. ના રોજ અંબાજી પહોચશે અને ૫૧ ગજની ધજા મા અંબાના ચરણોમાં અર્પણ કરશે.

નોંધનીય છે કે, હાલ માં અંબાના દર્શને જતા પગપાળા સંઘમાં ભાઈઓ બહેનો થી રાજમાર્ગો ભરચક જોવાઈ રહ્યા છે. ખાસ કરીને દાહોદ જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી પગપાળા સંઘમાં જોડાયેલા શ્રદ્ધાળુઓ માટે ઠેક ઠેકાણે વિસામાંઓ પણ જોવા મળે છે. જયાં પગપાળા સંઘમાં જોડાયેલા શ્રદ્ધાળુઓને ચા-નાસ્તો અને ભોજન ની વ્યવસ્થા અને આરામ કરવા માટેની જગ્યા આપવામાં આવે છે. જેમાં સુખસર વિસ્તારમાં ધાણીખુટ થી લઈ સુખસર સહિત સંતરામપુર જતા માર્ગ ઉપર અનેક જગ્યાએ પગપાળા સંઘમાં જતા શ્રદ્ધાળુઓ માટે વિસામા જોવા મળી રહ્યા છે. આ દિશામાં ઓમા માં અંબાના દર્શને જતા શ્રદ્ધાળુઓને આગતા સ્વાગતા કરવામાં આવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

# ધાનપુરના કાળાખુંટ ગામે દિવાલ પડતા વૃદ્ધાનું મોત

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાળાખુંટ ગામમાં વરસાદ પડવાથી ઘરની દિવાલ પડતા ઘરમાં હાજર એક વૃદ્ધ મહિલા ઉપર દિવાલ પડતા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ.

ધાનપુર તાલુકાના કાળાખુંટ ગામના મુખ્ય નિશાળ ફળિયામાં રાત્રિ દરમિયાન વરસાદમાં ફળિયામાં રહેતા વરસીંગભાઈ તથા તેમના પરિવારજનો ઘરમાં ઉંઘી રહ્યા હતા તે સમયે ઘરની દિવાલ ધરાશાઈ થતાં વરસીંગની પત્નિ શામલીબેન નિનામા પર દિવાલ પડતા દબાઈ જવાથી મોત નીપજયું હતુ. ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસે પણ ઘટના સ્થળે દોડી આવી એમ્બ્યુલન્સ મારફતે મૃતક શામલીબેનના મૃતદેહને પી.એમ.અર્થે રવાના કર્યો હતો.

# ગરબાડા તાલુકાના ઘટક-૨ વજેલાવ ગામ ખાતે આંગણવાડીમાં પોષણ માસની ઉજવણી




દાહોદ, ગરબાડા તાલુકાના વજેલાવ આંગણવાડી કેન્દ્રમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત આંગણવાડી ખાતે માતા-પિતા બન્નેને બોલાવી આંગણવાડી કેન્દ્ર મારફત આપવામાં આવતા બાલશકિતના પેકેટ માંથી રાબ બનાવી બાળકને અન્નપ્રાશન કરાવવામાં આવ્યું. આ ઉપરાંત બાળકને રોજ કેટલુ જમાડવું અને બાલશકિત માંથી ૧૩ પ્રકારના સુક્ષ્મપોષકતત્વનું મહત્વ સમજાવી બાલશકિતના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં આંગણવાડી વર્કર અને ગામના લોકો હાજર રહ્યા હતા. પાપા પગલીનો સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

# ગરબાડાના વિશ્વકર્મા મંદિરે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તારીખ ૨૨ થી ૨૯ સુધી આયોજન

ગરબાડા, વિક્રમ સંવત ૨૯ ભાદ્રપદ સુદ સાતમને તા.૨૨/૦૯/૨૦૨૩ શુક્રવાર થી તા.૨૯/૦૯/૨૦૨૩ શુક્રવાર સુધી શ્રી વિશ્વકર્મા મંદિર ગરબાડા મુકામે બપોરના ૧:૩૦ થી ૫:૦૦ કલાક ના શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંવત ૨૦૭૯ ભાદ્રસુદ સાતમ શુકવાર તા.૨૨-૦૯-૨૦૨૩ બપોરના ૧૨:૧૫ કલાકે ચંદ્રકાન્તભાઈ મીઠાલાલભાઈ અગ્રવાલના ત્યાંથી કથા મંડપ શ્રી વિશ્વકર્મા મંદિરે પોથી પધરામણી કરવામાં આવશે. તેમજ શ્રી કૃષ્ણજન્મોત્સવ તા.૨૬-૯-૨૦૨૩ ને મંગળવારના રોજ બપોરના ૪:૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. જે કથાનું આયોજન ગરબાડા નગરમાં ભક્તો સહિત પંચાલ સમાજ દ્વારા કરવામાં આવ્યું છે.

# ગરબાડા તાલુકા પંચાયત ખાતે નીતિ આયોગ અધિકારીની હાજરીમાં ચિંતન શિબિર યોજાઈ

ગરબાડા, ગરબાડા તાલુકો ભારત સરકાર દ્વારા મહત્વાકાંક્ષી તાલુકા તરીકે જાહેર કરવામાં આવેલ જે અંતર્ગત તાલુકા પંચાયત ગરબાડા ખાતે નીતિ આયોગના અધિકારીઓની ઉપસ્થિતિમાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે કાર્યક્રમમાં જીલ્લાના સમાહર્તા તેમજ જીલ્લા વિકાસ અધિકારી નિયામક તેમજ તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નીતિ આયોગ દ્વારા જાન્યુઆરી ૨૦૧૮માં એસ્પિરેશનલ ડિસ્ટ્રીકટ પ્રોગ્રામ જાહેર કરવામાં આવેલ તેમજ પ્રધાનમંત્રી દ્વારા ૭ મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મુખ્ય સચિવની બીજી રાષ્ટ્રીય પરિષદમાં નીતિ આયોગ દ્વારા Aspirational Blocks Programme (ABP) શરૂ કરવા સૂચન આવેલ છે. નીતિ આયોગ દ્વારા ABP અંતર્ગત દેશના ૫૦૦ તાલુકાઓ પસંદ કરવામાં આવેલ છે, જે પૈકી ગુજરાત રાજ્યનાં ૧૦ જીલ્લાઓના કુકરમુંડા, નિઝર, લખપત, રાપર, કવાંટ, નસવાડી, થરાદ, સાયલા, સુબીર, ઘોઘંબા, સાંતલપુર, નાંદોદ અને ગરબાડા એમ કુલ ૧૩ તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા છે. જેમા બાળમૃત્યુ, માતામૃત્યુ, કુપોષણ અને એનિમિયા જાહેર આરોગ્ય સમસ્યાઓના નિવારણ માટે સમુદાયની સહભાગિતા, વિવિધ વિભાગો સાથે સંકલન અને જીવનલક્ષી અભિગમને આવરી લેતા સર્વગ્રાહી એકશન પ્લાનને ધ્યાનમાં રાખી રાજ્યના ૧૩ એસ્પીરેશનલ તાલુકાઓમાં આરોગ્ય અને પોષણની સ્થિતિમાં ઝડપી સુધાર લાવવા માટે સેલ્ફ હેલ્પ ગ્રુપ સાથેની ભાગીદારીની વ્યુહરચના બનાવી વિવિધ આરોગ્ય અને પોષણ સમસ્યાઓના કારણો તબીબીના સાથે સાથે સામાજીક વ્યવહાર સંબંધિત સમસ્યાઓ ઉકેલવા, લોકોમાં સેવાઓની માંગ ઉભી કરવા તેમજ સામાજીક વર્તણૂકમાં પરિવર્તન લાવવા માટે સમુદાયની સક્રિય ભાગીદારી વધારવા ખાસ કરીને અતિ જરૂરીયાત ધરાવતા વર્ગો- નવજાત શિશુઓ, ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, 'કિશોરીઓ અને સગર્ભા માતાઓના આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપવા માટે સેલ્ફ હેલ્પ ગ્રુપને જોડીને વધુમાં વધુ લાભાર્થીઓને આવરી શકાય. જેના થકી ઈચ્છિત સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચી શકે અને અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય.

# દે.બારીઆ તાલુકામાં ભારે વરસાદને કારણે છેલ્લા ૩ દિવસથી અનેક ગામોમાં વીજપુરવઠો ખોરવાયો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના અનેક ગામોમાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પ્રવાહ બંધ રહેતા અનેક ગામોમાં અંધારપાટ છવાયો છે. જેથી ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પ્રવાહ વહેલીતકે શરૂ કરવા માંગ કરાઈ છે.

દે.બારીઆ નગર સહિત તાલુકામાં વરસાદ વરસતા વીજ પુરવઠો ઠપ્પ થઈ ગયો છે. નગરમાં કેટલાક વિસ્તારોમાં કલાકો પછી વીજ પ્રવાહ ચાલુ થયો હતો. જયારે અનેક ગામોમાં ૩ દિવસથી વીજ પ્રવાહ બંધ રહેતા અંધારપાટ છવાયો છે. વીજ પ્રવાહ બંધ રહેતા સ્થાનિક વીજ કચેરીનો ટેલિફોન પણ ઠપ્પ થઈ જતો હોવાની અને જો સંપર્ક થાય તો ઉડાઉ જવાબ આપતા હોવાની ફરિયાદો ગ્રાહકો કરી રહ્યા છે. નગરની નજીકના ઉચવાણ, ઉધાવળા, ચેનપુર જેવા અનેક ગામોમાં પણ તંત્ર વીજ પ્રવાહ ચાલુ કરી શકયુ નથી. ત્યારે ઉંડાણના ગામોની હાલત વિશે પણ અનેક સવાલો ઉઠયા છે. ત્યારે તંત્રની પ્રિમોન્સુનની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે. નગરના અનેક વિસ્તારોમાં વીજ લાઈનો ઉપર ઝાડી ઝાંખરા તેમજ વેલા ચઢેલા જોવા મળી રહ્યા છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં લાઈનમાં શોર્ટસર્કિટ થવાના કારણે વીજ ઉપકરણો ઉડી જવાના બનાવો પણ બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે વીજ લાઈનો ઉપરથી ઝાડી ઝાંખરા દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# દાહોદ જીલ્લાકક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા જોગ

દાહોદ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરીત કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા આયોજીત અને જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દાહોદ દ્વારા સંચાલીત દર વર્ષની જેમ ચાલુ વર્ષે દાહોદ જીલ્લા કક્ષાની ગરબા રાસ સ્પર્ધાનું આયોજન થનાર છે. જેમાં ગરબા (પ્રાચીન અને અર્વાચીન) સ્પર્ધામા ભાગ લેનાર બહેનોની વય મર્યાદાનું ધોરણ ૧૪ થી ૩૫ વર્ષ નુ રહેશે અને રાસમા ભાગ લેવા માંગતા કલાકારોનુ વય મર્યાદાનું ધોરણ ૧૪ થી ૪૦ વર્ષ નુ રહેશે. ભાગ લેવા માટે પોતાનુ અરજી ફોર્મ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દાહોદ, સરવે ભવન, પ્રથમ માળ, કોંફરસન્સ રૂમ, છાપરી દાહોદ ખાતે થી મેળવી તા.૨૭/૦૯/૨૦૨૩ સુધીમા કચેરીમા જમા કરવાનુ રહેશે. વધુ માહીતી માટે જીગ્નેશભાઈ ડાભી પ્રાંત યુવા વિકાસ અધિકારી મો. ૯૪૨૮૧૩૧૮૫૯ પર સંપર્ક કરવાનો રહેશે.

# ગોધરા પરવડી બાયપાસ રોડ ઉપર ગાડી ચાલકે બાઈકને ટકકર મારતાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત

ગોધરા, ગોધરા પરવડી બાયપાસ ચોકડી હાઈવે રોડ ઉપર ગાડીના ચાલકે પોતાનું ગફલતભરી રીતે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટમાં લેતાં ચાલકને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. જયારે પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુન્હો કર્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા પરવડી બાયપાસ ચોકડી હાઈવે રોડ ઉપરથી પસાર થતી ગાડી નંબર જીજે.૨૩.એટી.૩૬૧૮ના ચાલકે પોતાના કબ્જાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ચાલક એમ.પી.૪૫. એમવી.૧૨૭૯ને ટકકર મારી બાઈક ચાલક બાબુભાઈ હઠરીયાભાઈ ડામોર ઉ.વ.૨૯ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું. જયારે બાઈક પાછળ બેઠેલ રાજેશભાઈ ઉ.વ.૨૩ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી વાહન લઈ નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

# સંજેલીમાં થાંભલા પડી જવાના કારણે ૩ દિવસથી અંધારપાટ

સંજેલી, સંજેલી પંથકમાં અતિશય વરસાદ પડયો હોવાના લીધે લોકોના જનજીવન પર માઠી અસર પડી છે. મેઘ વરસતા જ સંજેલી નગરમાં વિવિધ વિસ્તારોમાં વીજ થાંભલાઓને અતિશય નુકસાન પહોંચવાના કારણે વિદ્યુતપ્રવાહ ગુલ થવાના લીધે લોકોને પારાવાર સમસ્યાઓ પડી રહી છે. ત્યારે લોકોની સમસ્યાઓ દુર થાય તેવી રજુઆતો હોવા છતાં અધિકારીઓ દ્વારા આ બાબતે તસ્દી લઈ તાકિદે કામગીરી થાય જેથી કરી લોકોને પડતી અવ્યવસ્થા દુર થાય ત્યારે અધિકારીઓ દ્વારા યોગ્ય કામગીરી ન થતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વીજ પ્રવાહ ચાલુ કરવા રિપેરીંગ કામ થાય તેવી કામગીરી તાત્કાલિક ધોરણે થાય તેવી લોકમાંગ છે. ત્યારે સંજેલીમાં વીજ પુરવઠા કચેરી તેમજ પુરતા સ્ટાફનો અભાવ હોવાથી સ્થાનિકો દ્વારા અનેક રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા તસ્દી લેવામાં આવતી નથી. ત્યારે સંજેલીના અમુક વિસ્તારોમાં સતત બે દિવસથી અંધારપાટ હોવાને લઈ તંત્ર દ્વારા સંતોષકારક કામગીરી ન થતાં લોકોમાં રોષ ભભુકયો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.26

# વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા કે.કે. હાઈસ્કુલને મંજુરી, પુરાવા રજુ કરવા નોટીસ

- છેલ્લા કેટલાક સમયથી સરકારી જમીનના જુદા જુદા ક્ષેત્રફળમાં ગેરકાયદેસર કબ્જો ધારણ કર્યો હોવાની ચર્ચાઓ અને રજુઆતો થઈ હતી.
- અગાઉ જાહેર ઉકરડા અને રમત-ગમતના મેદાન માટે ઠરાવ કરવામાં આવેલ છે.
- દિન-૭માં સક્ષમ અધિકારીના મંજુરી પત્ર ઉપલબ્ધ કરવવા ગ્રામ પંચાયતનું ફરમાન.
- વિવાદસ્પદ જમીન બાબતે પ્રાથમિક તપાસ અને પુરાવા મુજબ આગળની કાર્યવાહી હાથ ધરાશે.



ગોધરા,
છેલ્લા કેટલાક મહિનાઓથી કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત હસ્તકની જુદા જુદા ક્ષેત્રફળ ધરાવતી સરકારી જમીનમાં કે.કે.હાઈસ્કુલ દ્વારા ગેરકાયદેસર દબાણ કે બાંધકામ કર્યું હોવાના મુદ્દે વાદવિવાદ ઉકળતો ચરું સમાન બન્યો છે. સાર્વજનિક ઉકરડા તેમજ રમત-ગમતના મેદાન માટે જાહેરહિતમાં ફળવાયેલી જમીનમાં પ્રથમ દર્શનીય જાગૃત નાગરિકોના મતે બિનઅધિકૃત કબ્જો હોવાની રજુઆત બાદ એકાએક સફાળું જાગેલ ગ્રામ પંચાયત દ્વારા કે.કે.હાઈસ્કુલના પ્રમુખને નોટીસ પાઠવીને દિન-૭માં મંજુરી અંગેના પુરાવા રજુ કરવાનું જણાવવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. ગ્રામ પંચાયત અને કે.કે.હાઈસ્કુલ વચ્ચે સર્જાયેલા ગજગ્રાહ વચ્ચે હવે સમય મર્યાદામાં સક્ષમ અધિકારીના મંજુરી પત્ર કે કબ્જો ધારણ અંગેનું પ્રમાણિત નકલો રજુ કરે છે કે કેમ તે અંગે વેજલપુરવાસીઓની નજર મંડાઈ છે.

કાલોલ તાલુકાના મુખ્ય મથક ગણાતા વેજલપુર ગામમાં આવેલી સરકારી જમીનને ભુતકાળમાં જાહેર ઉકરડા તથા રમતગમતના મેદાન માટે કેટલીક જમીન ઠરાવ આધારે ફાળવવામાં આવી હતી. પરંતુ આ જમીન ઉપર કે.કે.હાઈસ્કુલ દ્વારા ગેરકાયદેસરરીતે ભોગવટો મેળવીને બાંધકામ કરવામાં આવ્યું હોવાના મુદ્દે જાગૃત નાગકિરો દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆતો કરવામાં આવી હતી. વારંવાર રજુઆતો બાદ આખરે નિંદ્રાધીન બનેલ ગ્રામ પંચાયત હવે નિંદ્રા ત્યજીને સરકારી જમીન ઉપર કબ્જો હોવાની તપાસ હાથ ધરી છે.જેના ભાગરૂપ તલાટી દ્વારા હાઈસ્કુલના પ્રમુખને દિન-૭માં જરૂરી પુરાવા રજુ કરવાની નોટીસ ફટકારવામાં આવતાં વેજલપુરમાં ટોક ઓફ ધી ટાઉન મુદ્દો બન્યો છે. અને હવે તપાસ બાદ પરિણામ અંગે અનેક તર્ક વિર્તકો સર્જાયા છે.

જયારે વેજલપુરની કે.કે.હાઈસ્કુલના પ્રમુખને પાઠવેલા નોટીસ પત્રમાં જણાવ્યું છે કે, તમોએ તા.૩૧/૦૮/૨૦૧૯ના રોજ મળેલી વેજલપુર ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં કે.કે.હાઈસ્કુલ કેળવણી મંડળના નામથી આપેલી લેખિત અરજી કરી ગ્રામ પંચાયત હસ્તક આવેલ જુના રે.સ.ન.સર્વે નંબર ૬૭૧/૧/અ નવો રેવન્યુ સર્વે નંબર ૧૮ સાર્વજનિક ઉકરડા નાખવા સારું નીમ થયેલ ક્ષેત્રફળ જુનું ૨.૦૮.૭૫ નવું ૦.૪૭.૧૬વાળી જમીન સંદર્ભે સર્વે નંબરવાળી જમીન ખુલ્લી જમીન રમત-ગમતના મેદાન માટે ફાળવવા અરજી કરેલ જેના અનુસંધાને ગ્રામ પંચાયતે ઠરાવ નંબર-૧૮ થી ઉપરોકત સર્વે નંબરવાળી જમીન ફાળવવામાં આવે તો ગ્રામ પંચાયતને કોઈ વાંધો નથી તેમ ઠરાવ કરી આપેલ છે. આ જમીન સાર્વજનિક ઉકરડા નાખવા સારું સક્ષમ અધિકારીના હુકમ થી નામે થયેલ ગ્રામ પંચાયત ફકત સદર જમીનના વહીવટકર્તા છે નહીં કે માલિક. ગ્રામ પંચાયતે તમોને આ જમીન રમત-ગમતના મેદાન માટે ફાળવવામાં આવે તો કોઈ વાંધો હરકત નથી. તેવી સુચન આપેલ છે જમીન ફાળવી આપવાની હોય તમારે સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી મેળવવાની થાય છે. જો મેળવેલ હોય તો હુકમની એક નકલ ગ્રામ પંચાયતને આપવી અને ગ્રામ પંચાયત વિસ્તારમાં બાંધકામ શરૂ કરતાં પહેલા પૂર્વ મંજુરી મેળવવાની હોય છે. તમોએ મેળવેલ હોય તો તેની એક નકલ ગ્રામ પંચાયતને આપવી અને આ સિવાયના અન્ય કોઈ પુરાવા હોય તો ગ્રામ પંચાયતને આપવા. તેવી જ રીતે કે.કે.હાઈસ્કુલ પ્રમુખને અપાયેલ બીજા નોટીસ પત્રમાં ઉલ્લેખ કર્યા મુજબ ગામમાં આવેલ જુના રેવન્યુ સર્વે નંબર ૬૭૧/અ/૨ નવો રેવન્યુ સર્વે નંબર-૧૫ જુનું ક્ષેત્રફળ ૦.૦૪.૦૫ નવું ક્ષેત્રફળ ૦.૯૧.૦૨ બિનખેતીવાળી જમીન અંબાલાલ મગનલાલના નામે ચાલે છે. અમે ગામનો નમુનો નંબર-૧૨માં કે.કે.હાઈસ્કુલ ચાલે છે. હાલ સ્થળ ઉપર કે.કે.હાઈસ્કુલ અને બાજુમાં ગર્લ્સ હાઈસ્કુલ આવેલ છે. જુના ૭+૧૨માં ક્ષેત્રફળ ૦.૦૪.૦૫ દર્શાવેલ છે. તો અન્ય સ્કુલોનું બાંધકામ કઈ અને કોની માલિકીની જમીનમાં કરવામાં આવેલ છે. જેથી આપની પાસે કોઈ આધાર પુરાવા હોય તો દિન-૭માં ગ્રામ પંચાયતમાં રજુ જેથી આગળની કાર્યવાહી કરવાની થાય છે.

તદ્દઉપરાંત કે.કે. હાઈસ્કુલને ત્રીજી ફટકારેલી નોટીસપત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, વેજલપુર ગામના સર્વે નંબર ૬૭૧/બ નવો સર્વે નંબર-૧૭ ક્ષેત્રફળ ૦.૧૩.૧૭ વાળી જમીનના લોકલ બોર્ડ ધર્મશાળાના નામે ચાલે છે. જેથી તમોએ ગ્રામ પંચાયતની પૂર્વ મંજુરી તેમજ સક્ષમ અધિકારીની મંજૂરી મેળવ્યા સિવાય ગેરકાયદેસર કબ્જો કરેલ છે અને ગ્રામ પંચાયત કે ઉપલી કચેરીથી પૂર્વ મંજુરી મેળવેલ હોય તો દિન-૭માં ગ્રામ પંચાયતને કાગળો રજુ કરવાના રહેશે. જો તેમ કરવામાં કસુરવાર ઠરશો તો ગ્રામ પંચાયત તમોએ ગેરકાયદેસર કબ્જો કરેલ છે. જે કબ્જા ઉપરની કાર્યવાહી કરશે. પ્રથમ તમારી પાસે કોઈ આધાર પુરાવા ન હોય તો તમારે સ્વૈચ્છિક કબજો દુર કરવો પડશે. અન્યથા ગ્રામ પંચાયત કાર્યવાહી કરશે તેનો ખર્ચ તમારા શીરે રહેશે. તેમ જણાવાયું છે.

### જમીન માપણી કરવા ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ નિરીક્ષક ગોધરાને પાઠવેલા પત્ર

વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી દ્વારા ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ નિરીક્ષક ગોધરાને પાઠવેલા પત્રમાં જણાવ્યા અનુસાર કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ જુના સર્વે નંબર ૬૭૧/૧/અ ક્ષેત્રફળ ૨.૦૮.૭૫ નવા રે.સર્વે નં.૧૮ ક્ષેત્રફળ ૦.૪૭.૧૬ વાળી જમીન સાર્વજનિક ઉકરડા આપવા સારું નીમ થયેલ છે. જેના વહીવટ કરતાં વિલેજ પંચાયત વેજલપુર આવેલ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીનનું ક્ષેત્રફળ અલગ અલગ દર્શાવેલ હોઈ તેમજ સરકારી જમીનનું આ અધિકૃત ઈસમોએ દબાણ કરેલ હોય દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવાની હોવાથી જમીન માપણી કરવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

# શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં પસાર થતા હાઈવે ઉપર બન્ને તરફ બમ્પ મૂક્યા બાદ ચેતવણીના બોર્ડ મૂકવામાં આવ્યા નથી

- દિવસ અને રાત્રી દરમિયાન સતત વાહનોની અવર જવર રહેવા સાથે અન્ય રાજયના પણ વાહન ચાલકો અહીંથી પસાર થતા હોય તેમ છતાં કલ્યાણ કંપની ગંભીર બેદરકારી અહી જોવા મળી.
- બમ્પ ને લગતા ચેતવણી બોર્ડ હાઈવે ઉપર કોઈ જગ્યાએ મૂકવામાં નહિ આવવા સાથે સફેદ પટ્ટા પણ દોરવામાં આવ્યા નથી.
- સફેદ પટ્ટા પણ નહી હોવાથી દૂરથી વાહન ચાલકોને બમ્પ હોવાનું ખબર નથી પડતુ.
- હાઈવે ઉપર અહી આવેલા બમ્પ નિયમો મુજબ મૂકવામાં આવ્યા છે કે નહીં એની તપાસ કરીને વાહન ચાલકોના હિતમા નિર્ણય લઈને નિષ્પક્ષ કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે નહીં.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં પસાર થતા હાઈવે ઉપર બન્ને તરફ બમ્પ મૂક્યા બાદ ચેતવણીના બોર્ડ હાઈવે ઉપર કોઈ જગ્યાએ મૂકવામાં નહિ આવવા સાથે સફેદ પટ્ટા પણ દોરવામાં આવ્યા નથી. આ હાઈવે માર્ગ ઉપર દિવસ અને રાત્રી દરમિયાન સતત વાહનોની અવર જવર રહેવા સાથે અન્ય રાજ્યના પણ વાહન ચાલકો અહીંથી પસાર થતા હોય તેમ છતાં કલ્યાણ કંપની ગંભીર બેદરકારી અહી જોવા મળી હોય એમ કહી એ તો નવાઈ નહિ.

શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં પસાર થતા હાઈવે ઉપર બન્ને તરફ બમ્પ મૂક્યા બાદ અહીં સાવચેતીના બોર્ડનો અભાવ છે. દિલ્હી બોમ્બે તરફનો આ હાઈવે માર્ગ ઉપર દિવસ અને રાત્રી દરમિયાન સતત વાહનોની અવર જવર રહેવા સાથે અન્ય રાજયના પણ વાહન ચાલકો અહીંથી પસાર થતા હોય તેમ છતાં કલ્યાણ કંપનીની ગંભીર બેદરકારી અહી જોવા મળી હતી. બમ્પની ચેતવણી બોર્ડ હાઈવે ઉપર કોઈ જગ્યાએ મૂકવામાં આવ્યા નથી તેમજ સફેદ પટ્ટા પણ દોરવામાં નહિ આવતા જેના કારણે વાહન ચાલકો અહીં બમ્પ હોવાનું ખબર નહીં પડતા અચાનક બ્રેક મારવી પડતી હોવાથી અમુક સમયે અકસ્માત ની ઘટના પણ બનતી હોય છે. જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં આવી નથી. હાલ પણ બમ્પ જ્યાં મૂકવામાં આવ્યા છે, ત્યાં સફેદ પટ્ટા પણ નહી હોવાથી દૂરથી વાહન ચાલકોને બમ્પ હોવાનું ખબર પડતી નથી એવું વાહન ચાલક નીરજભાઈ, લાલાભાઈ, ભાવેશભાઈ સહિતનાઓએ જણાવ્યું હતું. અહીંથી પસાર થતા નાનાથી લઈને મોટા વાહન ચાલકોને બમ્પના કારણે ભારે તકલીફ પડતી હોય એવા દ્રશ્યો જોવા મળ્યા હતા. હાઈવે ઉપર અનેક વખત અકસ્માત સર્જાતો હોય ત્યારે સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા અને આગળ બમ્પ હોવાનું લખાણ અને ચિન્હવાળા ચેતવણી બોર્ડ મૂકવામાં આવે તેમજ વાહન ચાલકોને ભારે તકલીફ ન પડે એ રીતે નવા બમ્પ બનાવવામાં આવે એવી વાહન ચાલકોની માંગ ઉઠી હતી. જો આ બાબતને ગંભીરતાથી ટોલટેક્સ વસૂલતી કલ્યાણ કંપની દ્વારા લેવામાં નહીં આવે તો ઉચ્ચકક્ષાએ જાગૃત વાહન ચાલક દ્વારા લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવવા સાથે આ સામે દાખલરૂપ કાર્યવાહી થાય એવી પણ રજૂઆત કરવામાં આવે તો નવાઈ નહી. સતત વાહનોની અવર જવર આ હાઈવે ઉપર રહેતી હોવાનું સંબંધિત તંત્ર પણ જાણે છે, તેમ છતાં આ બાબતને કોઈ જ ગંભીરતાથી અત્યાર સુધી લેવામાં આવી નથી એના કારણે અહીંથી પસાર થતા વાહન ચાલકોના વાહનો પણ અમુક સમયે મસમોટા બનાવેલા અડી અડીને આવેલા બમ્પના કારણે બંધ થઈ જતા તે સમયે ટ્રાફિકજામના દ્રશ્યો પણ થોડીક મિનિટો માટે સર્જાતા હોય છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ આ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લઈને આ હાઈવે ઉપર આવેલા બમ્પ નિયમો મુજબ મૂકવામાં આવ્યા છે કે નહીં એની તપાસ કરીને વાહન ચાલકોના હિતમાં નિર્ણય લઈને નિષ્પક્ષ કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે નહીં એ તો આવનાર દિવસોમાં ખબર પડી જશે તેમ છે.

# પાવાગઢ થી તારાપુર દરવાજા સુધી મંદિર જવાના રોડ સાઈડના ૨૦૦ જેટલા કાચા દુકાનોના ધંધાદારીઓને દબાણ દુર કરવા ફોરેસ્ટ વિભાગે નોટીસ આપી

- મધ્ય ગુજરાત વીજ કંપનીને કાચી દુકાનોના વીજ કનેકશન કાપ્યા.
- ફોરેસ્ટ વિભાગ અનામત જંગલ જમીન માંથી દબાણો દુર કરવા ફોરેસ્ટ વિભાગે કમરકસી.



ગોધરા,
પાવાગઢ યાત્રાધામના માંચી ડુંગર ઉપરના દબાણના નામે વેપાર ધંધા દુર કરવામાં આવ્યા બાદ ફોરેસ્ટ વિભાગ દ્વારા ચ્હા-કોફી અને પાણીની પરબોનો છુટો છવાયો ધંધો કરતા ૨૦૦ જેટલા નાના ધંધાદારીઓને નોટીસ આપવામાં આવી.

પાવાગઢ યાત્રાધામ ખાતે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા માંચી ડુંગર ઉપરના વેપાર ધંધાઓ દબાણના નામે દુર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ હવે પાવાગઢ માંથી થી પગપાળા મંદિર સુધી જવાની તારાપુર દરવાજા સુધી અને નાના ધંધાદારીઓ લીંબુ સરબત, પાણીની પરબો, ચ્હા-કોફી અને નાસ્તાના પેકેટ લઈને ૨૦૦ જેટલા લોકો રોજગારી મેળવી રહ્યા છે. આવા નાના રોજગારી મેળવતી ધંધાદારીઓને હાલોલ વન વિભાગના પાવાગઢ રાઉન્ડ ફોરેસ્ટ દ્વારા અનામત જંગલની જમીનમાં ઉભા કરવામાં આવેલ ૩ દિવસમાં હટાવી લેવામાં નોટીસ આપવામાં આવી છે અને ફોરેસ્ટ વિભાગની નોટીસ સાથે મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમો દ્વારા માંચી થી રણછોડજી મંદિર સુધીના રોડની બન્ને સાઈડોની દુકાનોના વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યા છે અને તમામ કાચી દુકાનો દુર કરવા માટે નોટીસ આપી દબાણો દુર કરવા માટે ફોરેસ્ટ વિભાગે કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને લઈ પાવાગઢ યાત્રાધામ ખાતે ધંધા રોજગાર કરી રોજગારી મેળવતા લોકોની રોજગારી ઉપર સંકટ ઉભું થવા પામ્યું છે.

## ગોધરા મહાનિરીક્ષક કચેરીના રીડર શાળામાં આકસ્મિક આગથી કાગળો બળી જતાં નુકશાન

ગોધરા,
ગોધરા પોલીસ મહાનિરીક્ષક કચેરીના રીડર શાળાની રૂમમાં આકસ્મિક રીતે આગ લાગતા રીડર શાળાના બારીમાં રાખેલ વિન્ડો એ.સી. તેમજ ટેબલ ઉપર મુકેલ કાગળો સળગી ગયા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા પોલીસ મહાનિરીક્ષક કચેરીના રીડર શાળાના રૂમમાં આકસ્મિક રીતે આગ લાગી હતી. રીડર શાળાની બારીમાં રાખેલ વિન્ડો એસી તથા તેની નીચે ટેબલ ઉપર મુકેલ મેસેજ તથા બંદોબસ્તની ફાઈલો તેમજ પરચુરણ કાગળો સળગી જતાં નુકશાન થવા પામ્યું.

## પાવાગઢ માંચી ખાતે દબાણ હટાવો ઝુંબેશમાં બે મંદિરો પણ હટાવી દેવાયા

પાવાગઢ,
યાત્રાધામ પાવાગઢ માંચી હવેલી ખાતે પૌરાણિક શ્રી હનુમાન દાદાનુ મંદિર તથા શ્રી અંબા માતાજીના મંદિરો પણ દબાણ હટાવ ઝુંબેશમાં ધરાશાઈ કરી દેવાયા છે.

યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકાસના કામો કરવાના હોય તા.૧૫ના રોજથી આ વિસ્તાર બે-ત્રણ પેઢીઓથી વસ્તા અંદાજિત ૩૦ કુટુંબો જે આવતા ભાવિ ભકત સમુદાયને પ્રાથમિક જરૂરિયાતો આપીને સ્વાર્થ સાથે પરમાર્થની કામ કરે છે. ત્યારે આમ અચાનક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમોએ સરકારી જમીનમાં દબાણ કરેલ હોય તમે દબાણકારો વિકાસના કામ અવરોધરૂપ હોય તાત્કાલિક તમારો સામાન ખાલી કરવા સુચના આપીને દબાણ હટાવ ઝુંબેશના પાંચમાં દિવસે પણ દબાણ દુર કરાયા હતા.

## શહેરા સહિત જીલ્લામાં ભારે વરસાદ ગ્રામ્ય વિસ્તારોમાં ઘરોને તેમજ ખેતીની નુકશાનીનું સર્વે કરાવવું જરૂરી

શહેરા,
શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ભારે વરસાદ થયા બાદ જીલ્લાના ગ્રામીણ વિસ્તારમાં અમુક કાચા માટીના ઘરો તેમજ અમુક ખેતી પાકને પણ નુકસાન થયેલ હતું. જ્યારે સબંધિત તંત્ર દ્વારા પાક નુકસાનીને અને કાચા મકાનોને થયેલ નુકસાનીનું સર્વે હાથ ધરવામાં આવે એ હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી લાગી રહ્યુ છે.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ભારે વરસાદ થયા બાદ વહીવટી તંત્ર પણ ગ્રામીણ વિસ્તારની મુલાકાતે પહોંચ્યું હતું. જ્યારે વરસાદના કારણે કાચી માટીના ઘરો ની દીવાલો પણ પડી જતા ત્યાં રહેતા પરિવારો ભારે ચિંતિત થઈ ઉઠ્યા છે. અને હાલ પણ ઘણા બધા ખેતરોમાં પાણી ભરેલા હોવાથી કપાસ સહિતના અન્ય પાકને નુકસાન જવાની શક્યતા ના પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ભારે વરસાદના કારણે એક તરફ જોવા જઈએ તો ડાંગરના પાકને ફાયદો થઈ શકે એવી શક્યતાઓ જોવા મળવા સાથે નદી, નાળા અને જળાશોમાં પાણીની આવક સારી એવી થતા આવનાર દિવસોમાં પાણીની વિકટ સમસ્યા પણ સર્જાશે નહીં જોકે આવેલ આ વરસાદ અમુક લોકો માટે આફત સમાન હોય એમ કહીએ તો નવાઈ નહીં કેમકે ઘણા બધા ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે તેમના ઘરવખરીને પણ નુકસાન જવા સાથે પશુઓ પણ પાણીના પ્રવાહમાં તણાઈ જવાના કારણે મૃત્યુ પામ્યા હતા. હાલ તો સરકાર આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને ખેતી પાક અને ઘરને નુકસાનને લઈને સર્વે હાથ ધરીને સહાયનું પેકેજની જાહેરાત કરવામાં આવે એવી આશા પ્રજાજનો રાખી રહ્યા છે. વરસાદી માહોલ બાદ સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરવા સાથે આવનાર દિવસોમાં લોકોને બેવડી ઋતુનો પણ અહેસાસ થનાર છે. જોકે હજુ પણ જીલ્લાના વિસ્તારોમાં વરસાદની અવરજવર શરૂ રહેવા સાથે વરસાદી માહોલ નો અહેસાસ જીલ્લા વાસીઓને મેઘરાજા કરાવતા હોય એમ કહીએ તો નવાઈ નહી.

## હાલોલ તાલુકાના રામપુરા નંદ સીટી લુસી કંપની સામે રહેતા ફરિયાદીને ક્રેડીટ કાર્ડ કેવાયસી લીંક મોકલી ૪૧ હજારનું ટ્રાન્જેકશન કરી લેતાં ફરિયાદ

હાલોલ,
હાલોલ તાલુકાના રામપુરા નંદ સીટી લુસી કંપની સામે રહેતા ફરિયાદીના મોબાઈલ ફોન ઉપર કેવાયસી કરવાનો મેસેજ લીંક સાથે રાખવેલ અને કેવાયસી નહિ કરો તો તમને ચાર્જ લાગશે. ફરિયાદી લીંક ખોલી પણ મેસેજ કર્યો ન હોવા છતાં મોબાઈલ ફોન ક્રેડીટ કાર્ડ મળી રૂા.૪૧,૫૦૯/- ટ્રાન્જેકશન કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના રામપુરા નંદ સીટી લુસી કંપની સામે રહેતા અજીત જીતનારાયણ મૌર્યાના મોબાઈલ ફોન ઉપર ક્રેડીટ કાર્ડ કેવાયસી કરવાનો મેસેજ લીંક સાથે આવેલ હતો. ત્યારબાદ આરોપી મો.નં.૬૨૮૯૬૦૭૮૪૯ થી ફોન કરેલ અને અજીતકુમારને ક્રેડીટ કાર્ડના કેવાયસી કરવાનો છેલ્લા દિવસ છે. કેવાયસી નહિ કરો તો ૫૦૦ રૂપીયા ચાર્જ કરવામાં આવશે. ત્યારબાદ ફરિયાદીએ મેસેજમાં આવેલ લીંક મોકલેલ પરંતુ માહિતી ભરી ન હતી અને બંધ કરેલ ત્યારબાદ ફરિયાદીના મોબાઈલમાં રૂા.૯,૯૯૯/- તથા રૂા.૨૫,૦૦૦/-ક્રેડીટ કાર્ડ માંથી કપાઈ ગયેલ અને ૧૯,૫૦૦/- રૂપીયાનું ટ્રાન્જેકશન થયેલ નહિ અને કાર્ડ બ્લોક થઈ ગયેલ તેમજ ડેબીટ કાર્ડ માંથી રૂા.૬,૫૧૦/- ટ્રાન્જેકશન થયેલ આમ કુલ ૪૧,૫૦૯/-રૂપીયા ફરિયાદીને વિશ્વાસમાં મેસેજમાં આવેલ લીંક ખોલાવી રૂપીયાનું ટ્રાન્જેકશન કરી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# પંચમહાલ, ગોધરા સ્થિત GMERS મેડીકલ કોલેજ ખાતે દેહદાન સ્વીકારવાનો પ્રારંભ કરાયો



ગોધરા,
પંચમહાલ, ગોધરા સ્થિત GMERS મેડીકલ કોલેજ ખાતે હાલમાં ૧૦૦ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરી રહ્યા છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસથી આગામી સત્રમાં વધુ ૧૦૦ વિદ્યાર્થી અહીં અભ્યાસ કરવા માટે આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષ દરમિયાન જ એનાટોમી વિષયના તબીબ વિદ્યાર્થીઓ માટે માનવ દેહની જરૂર રહેતી હોય છે. તેના અનુસંધાને પ્રથમવાર એનાટોમી વિભાગે તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે દેહદાન સ્વીકારવાનો પ્રારંભ કરાયો છે. દેહદાન અંગેની સમગ્ર પ્રક્રિયા ડીન ડો.રાકેશ રજત તથા મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.મોના પંડયાના માર્ગદર્શન હેઠળ પુરી કરવામાં આવી છે. દેહદાન કરવા બદલ ડો.જય કોન્ટ્રાકટર દ્વારા સ્વ.અનુસુયાબેન જયેન્દ્ર શાહ તથા તેમના પરિવારજનોનો આભાર વ્યક્ત કરાયો હતો. તદ્દઉપરાંત ગોધરા ખાતેની જાહેર જનતાને દેહદાન અંગે જાગૃતતા આવે તથા વધુમાં વધુ દેહદાન કરવાની સવિનય અપીલ મેડિકલ કોલેજ તરફથી કરાઈ છે. દેહદાન એ તબીબી અભ્યાસક્રમ તથા તબીબી સંશોધન માટે એક આશીર્વાદરૂપ પ્રવૃત્તિ હોય છે. જેને માટે સમગ્ર તબીબી સમાજ દેહદાન કર્તાઓનો ઋણી રહે છે.

મૃત્યુ બાદ જે તે વ્યક્તિના સગા-સંબંધી મૃત્યુ પામનારનું દેહદાન કરી શકે છે. આ સાથે જીવીત વ્યક્તિ પણ દેહદાનનો સંકલ્પ લઈ શકે છે. દેહદાન બદલ કોલેજ તરફથી પરિવારજનોને પ્રમાણપત્ર આપવામાં આવે છે. વધુ માહિતી માટે એનાટોમી વિભાગ, GMERS મેડીકલ કોલેજ, પંચમહાલ, ગોધરાનો સંપર્ક ડો.જય કોન્ટ્રાકટર મો.નંબર ૯૯૯૮૦૭૦૩૮૯, ડો.ઊર્મિલા પટેલિયા મો.નંબર ૯૭૨૭૭૧૭૬૪૦ તથા ડો. મીનલ રાવત મો.નંબર ૯૪૨૮૦૨૮૧૮૪ પર સંપર્ક કરવા GMERS મેડિકલ કોલેજના ડીન ડો.રાકેશ રજત દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.